આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૯-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## આજે પ્રથમ તબક્કાનું મતદાન

વિશ્વના સહુથી મોટા લોકશાહી રાષ્ટ્ર ભારતમાં સંસદીય ચૂંટણીઓનાં આજે પ્રથમ તબક્કા મતદાન સાથે આરંભ થશે. લોકસભાની 543 બેઠકો માટે સાત તબક્કામાં યોજાનારી ચૂંટણી અઢી માસ જેટલો લાંબો સમય ચાલશે. આજે પ્રથમ તબક્કામાં 17રાજ્યો અને 4 કેન્દ્ર શાસિત પ્રદેશોની 102 બેઠકો માટે 1625 ઉમેદવારો જંગમાં છે. આજે જેમનાં ભાગ્યનો ફેંસલો થશે એમાં નીતિન ગડકરી,કીરન રિજુ , સર્વાનંદ સોનો વાલ સહિત આઠ કેન્દ્રીય મંત્રીઓ કોગ્રેસનાં નકુલ નાથ, ગૌરવ ગોગોઈ નો સમાવેશ થાય છે.

મતદાન આજે સવારના સાત વાગ્યાથી શરૂ થશે. કેન્દ્રિય ચૂંટણી પંચે પહેલાં તબક્કામાં એક લાખ, 63 હજાર મતદાન મથકો ઉભા કર્યા છે. પહેલા તબક્કામાં 16 કરોડ, 63 લાખ, મતદારો મતદાનનો અધિકાર ધરાવે છે.

**(ચંદ્રવદન પટ્ટણી/RNU અમદાવાદ)**

---

## બીજા તબક્કાના ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ

ગુજરાતની લોકસભાની 26 બેઠકોની સામાન્ય અને રાજ્યવિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે આગામી સાતમી મેના રોજ મતદાન થશે. તે માટેના ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે. ઉમેવારીપત્રોની ચકાસણી 20મી એપ્રિલ થશે, જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી

તારીખ 22મી એપ્રિલ હોવાથી ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો રહ્યા છે તે 22મીએ સાંજે નક્કી થશે.

ઉલ્લેખનીય છે કે, સાતમી મે ના રોજ ત્રીજા તબક્કાની લોકસભાની ચૂંટણીમાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 બેઠકો માટે મતદાન થવાનું છે.

દરમિયાન લોકસભાની ચોથા તબક્કાની 13મી મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ગઈકાલે જાહેરનામું બહાર પડતા ઉમેદવારી પત્રો સ્વીકારવાનો પ્રારંભ થયો છે. ચોથા તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 96 બેઠકો માટે મતદાન થવાનું છે. આ માટે આગામી 25મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

**(RNU અમદાવાદ)**

---

## કેન્દ્રીય ચુંટણી કમિશ્નર મતદાન કરવા અનુરોધ

કેન્દ્રિય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે લોકસભાની મોટી સંખ્યામાં મતદાન કરીને પોતાની જવાબદારી અદા કરવા નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં કહ્યું કે મતદાન એ દરેક નાગરિક અને સમગ્ર દેશ માટે જરૂરી છે.

ભૂતકાળમાં ઘણી પરિસ્થિતિમાં એક મત ખૂબ જ મહત્વ ધરાવતો હોવાની વાત પૂરવાર થઈ છે. આથી મતદારોએ મતદાનને ઓછું આંકવું ન જોઈએ. શ્રી રાજીવકુમારે જણાવ્યું કે, દેશના નાગરિકોની ઉત્સાહભેર સહભાગિતાના કારણે ભારતીય લોકશાહીના ઇતિહાસમાં અત્યાર સુધીની ચૂંટણીઓ નિયમિત રીતે, સરળતાથી અને ઉચ્ચ ગુણવત્તા સાથે યોજી શકાઈ છે.

તેમણે ચૂંટણી પંચ દ્વારા મતદારોને પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા કરાયેલી વ્યવસ્થાની જાણકારી આપી હતી. 85 વર્ષથી વધુના ઉંમરના અને

દિવ્યાંગ મતદારો પોતાના નિવાસસ્થાનેથી સરળતાથી મતદાન કરી શકે તે માટે પણ વ્યવસ્થા કરાઈ છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ તકેદારીઓ રાખવા મતદારોને અપીલ કરી છે.

**(RNU અમદાવાદ)**

---

## ભુજ-દિલ્હી સરાય-રોહિલ્લા દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ તેમજ સુવિધાને ધ્યાનમાં રખીને ભુજ અને દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે દ્વિ-સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન 30 એપ્રિલ થી 28 જૂન 2024 સુધી મંગળવાર અને શુક્રવારે ભુજથી સાંજના 5.00 વાગ્યે રવાના થઇને બીજા દિવસે બપોરના 12 વાગીને 20 મિનિટે દિલ્હી સરાય રોહિલ્લા પહોંચશે. એ જ રીતે 01 મે 2024 થી 29 જૂન 2024 સુધી દર બુધવાર અને શનિવારે દિલ્હી સરાય રોહિલ્લાથી બપોરના 3:00 વાગ્યે રવાના થઇને બીજા દિવસે 11:30 વાગ્યે ભુજ પહોંચશે.

આ ટ્રેનનું બુકિંગ આજથી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઇઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થશે. બંને ટ્રેનોના પ્રસ્થાનનો સમય, રોકાણ અને સંરચના અંગેની વિગતવાર જાણકારી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in સાઇટ પરથી મેળવી શકે છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## જિલ્લામાં સર્વત્ર તાપ અને ઉકળાટ

જીલ્લામાં સર્વત્ર તીવ્ર તાપ અને ઉકળાટભર્યુ વાતાવરણ રહેતા જનજીવન અકળાયુ હતું.જીલ્લામાં સૌથી વધુ તપેલા કંડલા હવાઈ મથકે 41.1 ડિગ્રી સૌથી ઉંચુ ઉષ્ણતામાન નોંધાયુ હતું. ભુજમાં 39.5 નલિયા અને કંડલા બંદર ખાતે 36.7

ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું. દિવસભર તીવ્ર તાપ અને બફારા વચ્ચે વાતાવરણની વિષમતાના કારણે આરોગ્ય પર અવળી અસર ન થાય તે માટે બ્લડ પ્રેસર, સુગરના દર્દીઓ,વૃધ્ધો, બાળકો સહિત ખુલ્લા માથે બહાર નહી નીકળવા સલાહ અપાઈ છે.

**(કલ્પના શાહ/NP)**

---------------------------------------------------------------------------

## <u>ક્રિકેટ</u>

મુંબઈ ઇન્ડિયન્સ ટીમે પંજાબ કિંગ્સને 9 રને હરાવી આઇ.પી.એલની મહત્વની મેચ જીંતી લીધી હતી. મુંબઈની ટીમે 7 વિકેટ ગુમાવી 192 રન કર્યા હતા.પંજાબની ટીમનો દાવ 183 રન પર પૂરો થતાં 9 રને પરાજય ખ.મવો પડ્યો હતો.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------